૧૬૭

# જાહેરનામું

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : 12 OCT 2009

પ્રિઝન્સ એક્ટ, ૧૮૯૪

ક્રમાક : જીજી/૭૮/૨૦૦૯/જલક/૧૧૨૦૦૯/૩૯૮૫/જ,

રાજયની જેલોમાંથી સારવાર અર્થે સિવિલ હોસ્પીટલ અથવા કોર્ટની મુદતે પોલીસ જાપ્તા હેઠળ લઇ જવામાં આવતા કેદીઓ અનધિકૃત છૂટછાટ ભોગવે નહિં તેમજ પોલીસ જાપ્તા હેઠળ હોય તે દરમ્યાન બહારની વ્યકિતઓ સાથે સંપર્ક સ્થાપિત કરે નહિં અને પ્રતિબંધિત ચીજ વસ્તુઓ પણ મેળવે નહિં અને જેલની સલામતી માટે આ બાબત જોખમી ન બને તે ધ્યાને લઇ કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે રાજય સરકાર **પ્રિઝન્સ એકટ, ૧૮૯૪ની કલમ ૫૯** હેઠળ મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ બાબતોની કાર્યવાહી માટે આથી જાહેરનામું ફરમાવે છે.:-

૧. રાજયની જેલોમાંથી સારવાર અર્થે સિવિલ હોસ્પીટલ કે કોર્ટની મુદતે લઇ જવામાં આવતા કેદીઓ પોલીસ જાપ્તા હેઠળ હોય તે દરમ્યાન બહારની કોઇ પણ વ્યકિતને મળવા દેવામાં આવશે નહિ; તેમજ કોઇપણ રીતે સંદેશા વ્યવહાર કરવા દેવામાં આવશે નહિં.

૨. ઉપરની વિગતે પોલીસ જાપ્તા હેઠળનાં કોઇપણ કેદીને અનધિકૃતરીતે મોબાઈલ ફોનથી કે એસ.ટી.ડી. બૂથ ઉપરથી વાત કરવા દેવામાં આવશે નહિં. **(જો કોઇ વ્યકિત કેદી સાથે મોબાઈલ ફોન પર કે લેન્ડલાઇન ફોન કે અન્ય કોઇ રીતે વાતચીત કરશે કે સંદેશા વ્યવહાર કરશે તો તેનું આ કૃત્ય ઇ.પી.કો. કલમ ૧૮૮ હેઠળ સજાને પાત્ર ગુન્હો ગણાશે અને તેની વિરૂધ્ધમાં તે મુજબ કાયદેસરની કાર્યવાહી કરી શકાશે.)**

૩. પોલીસ જાપ્તા હેઠળનાં કોઇપણ કેદીને હોસ્પીટલ કે કોર્ટ સિવાય અન્ય કોઇપણ સ્થળે લઇ જવાશે નહિં.

૪ સિવિલ હોસ્પીટલ અને કોર્ટ મુદતની કામગીરી પૂર્ણ થયા બાદ પોલીસ જાપ્તા હેઠળનાં કોઇ પણ કેદીને બિનજરૂરી રીતે રોકવામાં આવશે નહિં અને તુર્તજ જેલ ખાતે પરત મોકલવામાં આવશે.

૫. પોલીસ જાપ્તા હેઠળનાં કોઇપણ કેદીને કોઇપણ પ્રકારનાં ખાદ્ય પદાર્થ, કપડા કે અન્ય ચીજવસ્તુઓ લેવા દેવામાં આવશે નહિં.

૬.. પોલીસ જાપ્તા હેઠળનાં કેદીને જેલ ખાતે પરત સોંપતી વખતે પોલીસ જાપ્તા અમલદારની હાજરીમાં ઝડતી કરવાની રહેશે અને કોઇપણ વસ્તુ કેદીની અંગઝડતી દરમ્યાન મળી આવશે તો સંબંધિત પોલીસ કર્મચારીઓ વિરૂધ્ધ ઉકત જાહેરનામાં ભંગ બદલ ઇ.પી.કો.કલમ ૧૮૮ મુજબનો ગુન્હો નોંધવામાં આવશે.

આ જાહેરનામાંના ઉકત મુદાઓના ભંગ બદલનું કૃત્ય ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૮૮ હેઠળ તેમજ જાપ્તા હેઠળના કેદીઓ પ્રિઝનર્સ એકટ અન્વયે પણ શિક્ષાને પાત્ર ઠરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ પટેલ)
ઉપસચિવ
ગૃહ વિભાગ,

પ્રતિ,

૧) માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર. (પત્રથી)

૨) માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી.

૩) માન. રાજયકક્ષાનામંત્રીશ્રી(ગૃહ)ના અંગતસચિવશ્રી.

૪) તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.

૫) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.

૬) ઈન્સ્પેકટર જનરલ ઓફ પ્રિઝન્સ, ગુજરાત રાજય, અમદાવાદ.

૭) તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ

૮) તમામ રેન્જ આઇ.જી./ડી.આઇ.જી.શ્રીઓ

૯) તમામ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ

૧૦) તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ

૧૧) અધિક્ષકશ્રી, અમદાવાદ/વડોદરા મધ્યસ્થ જેલ.

૧૨)તમામ અધિક્ષકશ્રીઓ જીલ્લા જેલ ભાવનગર, રાજકોટ,જામનગર, જુનાગઢ, સુરત, નડીયાદ,મહેસાણા અને પાલનપુર તથા ભુજ/પોરબંદર ખાસ જેલ

૧૩) અધિક્ષકશ્રી, અમરેલી ઓપન જેલ

૧૪) તમામ અધિક્ષકશ્રીઓ સબ જેલ, સુરેન્દ્રનગર, હિમ્મતનગર,નવસારી, ભરૂચ, ગોધરા. રાજપીપળા, છોટાઉદેપુર,ગોંડલ, મોરબી, મોડાસા, અમરેલી.

૧૫) મેનેજરશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.
પ્રસ્તુત જાહેરનામાને ગુજરાત સરકારના ગેઝેટમાં યોગ્ય જગ્યાએ પ્રસિધ્ધ કરી ગૃહ વિભાગ સચિવાલય, ગાંધીનગર તેમ જ જેલોના ઈંસ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદને ૫૦+૫૦ નકલો મોકલવાની વિનંતી સાથે.

૧૬)કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર ઉકત જાહેરનામાનું અંગ્રેજીમાં ભાષાતર કરી સરકારી ગેઝેટમા પ્રસિધ્ધ કરવાની વિનંતી સાથે.

૧૭)સર્વે અધિક/નાયબ/ઉપ્ સચિવશ્રીઓ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૧૮) ગૃહ વિભાગની સર્વે શાખાઓ.

૧૯) સેકશન અધિકારી/નાયબ સેકશન અધિકારી સીલેક્ટ ફાઇલ.